શ્રી રામચંદ્ર મિશન
India ECHOES
ONE WORLD ONE HUMANITY




# માસ્ટરનો રિપોર્ટ

## માસ્ટર ચેન્નાઈમાં

અભ્યાસીઓ સાથેની ચર્ચામાં માસ્ટરે કહ્યું, આપણું કામ તાકીદની ભાવના વિકસાવવાનું છે અને સાથે સાથે ડરની ભાવનાને દૂર કરવાની છે. સામાન્યરીતે જે પણ કાર્ય તાકીદે કરવાની જરૂર હોય છે, તેની સાથે ડર પણ સંકળાયેલો હોય છે, પણ સહજ માર્ગમાં આપણે તાકીદની ભાવના વિકસાવીને, ડરની ભાવનને દૂર કરવાની જરૂર છે.

## નવા વર્ષના ઉત્સવો

૧૩મી એપ્રિલ તમિલનું નવું વર્ષ છે. તે દિવસે માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો. દરેકનું ધ્યાન તેમના પ્રિય માસ્ટર પર કેન્દ્રિત હતું. દરેક જણને માસ્ટર સાથેના વ્યક્તિગત જોડાણનો, આંતરિક જોડાણનો અનુભવ થયો હતો. માસ્ટરે એક લગ્ન કરાવ્યું હતું. તેઓ થાકી ગયા હતા, છતાં પણ જે અભ્યાસીઓ કોટેજમાં તેમને મળવા આવ્યા હતા, તેમને તેઓ મળ્યા હતા.

૧૪મી એપ્રિલને શનિવારે કેરાલાના લોકોનું નવું વર્ષ 'વિશુ' હતું. લગભગ ૧૫૦ અભ્યાસીઓ કેરાલાથી માસ્ટરને મળવા આવ્યા હતા અને અભ્યાસીઓ દસ દસની સંખ્યામં તેમની પાસે જતા હતા. માસ્ટરે દરેક પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપ્યું હતું અને તે પછી કાર્ય કરવા માટે તેઓ અંદર ગયા હતા. આમાંથી ઘણા બધા અભ્યાસીઓ લાગણીશીલ થયેલા જણાતા હતા.

## 'તેમને' મોકળાશ આપો

૧૬મી એપ્રિલ, સોમવારે, માસ્ટરે સીટીંગ આપી હતી અને મોરોક્કોથી આવેલા લગભગ પાંચ અભ્યાસીઓ સાથે વાતો કરી હતી. એક અભ્યાસી બહેને જ્યારે પ્રિયતમની પડેલી ખોટ વિશે કહ્યું હતું, ત્યારે માસ્ટરે કહ્યું, બધાને સાંકળી લેવા માટે વ્યક્તિએ પોતાના હૃદયને વિસ્તૃત કરવું જોઈએ. તમે જુઓ છો કે કેટલા બધા અભ્યાસીઓ આવે છે અને જાય છે અને તે બધાનું સ્થાન માસ્ટરના હૃદયમાં હોય છે. જો આપણે થોડા જણને જ પ્રેમ કરીએ, તો જ આપણને ખોટ સાલે છે. પણ જો હૃદય ખુલ્લું રહે તે દરેકને પ્રેમ કરે, તો કોઈની ખોટ સાલતી નથી.


માસ્ટરે અસંતોષ વ્યક્ત કરતાં કહ્યું હતું કે કોટેજમાં હંમેશાં ઘણા બધા અભ્યાસીઓ આવતા હતા અને શક્ય છે કે તેઓ બધાને મળવાનો પ્રયત્ન કરતા હોવા છતાં, તેમના તરફ ધ્યાન આપવાની માગણી તમે કરતા રહ્યા હતા. તે પછી, માસ્ટરે વિરામ લેવાનું નક્કી કર્યું અને જ્યાં તેઓ આરામ કરી શકે તેવી જગ્યાએ તેઓ ગયા. આ સ્થળને ગોપનીય રાખવામાં આવ્યું હતું અને માસ્ટરને તેમની જરૂરિયાત પૂરતો આરામ અને એકાંત મળ્યા હતાં. ૨૭મી એપ્રિલે માસ્ટર કોટેજમાં પરત આવ્યા હતા.

## બાબુજીના વાર્ષિક જન્મોત્સવો

જોડાણને તપાસવા માટે આવ્યા હતા કારણ કે બીજે દિવસે, તેમની યોજના ત્યાંના અભ્યાસીઓને સંબોધવાની હતી.૨૯મી એપ્રીલને રવિવારે માસ્ટરે સવારનો સત્સંગ કરાવ્યો હતો અને આઠ લગ્નો કરાવ્યાં હતાં. તે પછી, કોટેજમાં વર્કીંગ કમિટિની મિટિંગ રાખવામાં આવી હતી. સાંજે, ભાઈ ભાર્ગવ અને ભાઈ કમલેશ સાથે ડેન્માર્કમાં વ્રાદ્સ સન્ડે આશ્રમમાંથી વિડિયો કોલ સ્થાપિત કરવામાં આવ્યો હતો અને માસ્ટર એના

૩૦મીએ માસ્ટર વહેલા ઉઠી ગયા હતા. તેમણે કરાવેલો સત્સંગ લગભગ ૧ કલાક અને ૧૦ મિનિટ ચાલ્યો હતો. તે પછી તેઓ બોલ્યા હતા અને ઓડિયો સીડીની સાથે વ્હીસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડના ચોથા ભાગનું વિમોચન કર્યું હતું. જેમાં કેટલાક લોકોએ એમના અવાજમાં વ્હિસ્પર્સનું વાંચન કર્યું હતું. આનું વિમોચન કર્યા પછી, આ ઓડિયો સંદેશાઓના કેટલાક નમૂનાઓ સંભળાવવામાં આવ્યા હતા અને માસ્ટરે ફરીથી વ્હીસ્પર્સને વાંચવાની જરૂરિયાત પર ભાર મૂકવા, ટૂંકું વક્તવ્ય આપ્યું હતું.

૧૧ વાગે ભાઈ બાલાસુબ્રમનિયન બોલ્યા હતા. તે વક્તવ્ય માસ્ટરે તેમની ઓફિસમાંથી ઉત્સાહપૂર્વક સાંભળ્યું હતું. એ ભાષણ ઘણું જ પ્રભાવશાળી હતું અને માસ્ટર ઉપરાંત બધા અભ્યાસીઓ તેનાથી મોહિત થયા હતા. તેમણે ગુરૂઓના જીવનમાંથી કેટલાક પ્રસંગોનું વર્ણન કર્યું હતું અને તેમણે આવા મહાન પુરૂષોની માત્ર પ્રસંશા અને ખુશામત નહીં કરવાની પણ તેમના જીવનમાંથી બોધ લઈને, તેઓ જે રીતે જીવન જીવ્યા, તેનું અનુકરણ કરવાની આપણને વિનંતી કરી હતી.



સાંજના ભોજન પછી, બીજી એક રાત્રે, માસ્ટર એક અભ્યાસી સાથે વાત કરી રહ્યા હતા. તેમણે તમિલ કહેવત કહેતાં કહ્યું હતું, 'વાઘ ગમે તેટલો ભૂખ્યો હોય, તો પણ એ ક્યારેય ઘાસ ખાતો નથી.' માસ્ટરે એમ કહીને એનું વર્ણન કર્યું કે આમ કરવું, એ વાઘનો અહંકાર કે ઉધ્ધતાઈ નથી પણ એનો મૂળ સ્વભાવ છે અને તે માત્ર કુદરતના નિયમનું પાલન કરે છે. પ્રાણીઓ અને વનસ્પતિ પણ એવું કરે છે; તેઓ કેવળ તેમના સ્વભાવને વળગી રહે છે અને એ માટે કોઈ જ બાંધછોડ કરતા નથી કે માર્ગથી ચલિત થતા નથી. મનુષ્યે પણ આવા જ હોવું જોઈએ અને એના ગુણધર્મ પ્રમાણે જીવવું જોઈએ અને પાશવી લક્ષણો પ્રદર્શિત કરવાને બદલે 'માનવીય લક્ષણો' પ્રદર્શિત કરવાં જોઈએ.



માસ્ટર થાકી ગયા હોવાથી, યુરોપિયન સેમિનાર માટે યોજેલો વિડિયો કોલ રદ કરવો પડ્યો હતો. બપોરના, રોમાનિયાથી આવેલા લગભગ પાંચ અભ્યાસીઓને તેઓ મળ્યા હતા. માસ્ટર તેમની ચિંતા વ્યક્ત કરી રહ્યા હતા કે રોમાનિયા ઉપરાંત રશિયામાં સમૃધ્ધ સંસ્કૃતિની પાશ્ચાત્ય અસર સ્થાનિક સંસ્કૃતિને નુકશાન પહોંચાડી રહી છે.

સાંજનો સત્સંગ થઈ રહ્યો હતો, તે દરમિયાન માસ્ટર તેમની ગોલ્ફ કાર્ટમાં આશ્રમની આજુબાજુ ફર્યા હતા. જતાં જતાં બાળકોને મળવા માટે તેઓ કેટલીક વાર ઊભા રહ્યા હતા. બહેન સૌમ્યા અને તેમના સાથીઓ દ્વારા નૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને સાંજના કાર્યક્રમનો અંત સુંદર આનંદદાયી અભિનયથી થયો હતો.

## ઉત્સવો પછી

૪થી મેની સાંજે, એક મોટા વૃક્ષને ઉખાડીને બીજી જગ્યાએ રોપાતું જોવા માટે માસ્ટર બાગ તરફ ગયા હતા. ઘણું ખરું પ્રાથમિક કાર્ય પહેલેથી કરી દેવામાં અવ્યું હતું. કેટલાક સ્વયંસેવકો ભેગા થયા હતા અને ઝાડને ઉંચકીને એને નવી જગ્યાએ લઈ જતા હતા. જે લોકો કામ કરી રહ્યા હતા, એ બધાને માસ્ટર નજરમાં રાખીને માર્ગદર્શન આપી રહ્યા હતા અને પછી તેમણે વૃક્ષને પાણી પીવડાવ્યું હતું.

યુએસએના એક અભ્યાસી ભાઈ ટ્રેવોર વેલ્ટ્મન દ્વારા 'ટ્રાન્સફોર્મિંગ સોલીટ્યુડ' શિર્ષક હેઠળ 'ટેડ' ની રજૂઆત માસ્ટરે જોઈ હતી. આપણાં જીવન કેટલાં આડંબરભર્યાં થઈ ગયાં છે અને આપણા જીવનમાં ધ્યાનના અભ્યાસ દ્વારા આંતરિક જોડાણ કેવી રીતે પાછું લાવી શકાય છે, તે વિષે તેઓ બોલ્યા હતા.

એક દિવસે સાંજે, માસ્ટર તેમના બેડરૂમમાંથી ઓફિસરૂમ તરફ જવા પરસાળમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેઓ એક બહેનને મળ્યા હતા અને સહજ પ્રેરણાથી તેમણે એક થેલીમાંથી એક ફળ લઈને તેણીને આપ્યું. એ ફળ મળ્યા પછી તેણીએ માસ્ટરને કહ્યું કે તેણી ગર્ભવતી છે, ત્યારે તેમણે માત્ર એટલું જ કહ્યું, આશીર્વાદ.'

## બીડરથી આવેલા અભ્યાસીઓ માટે સેમિનાર

૧૧મી મેના રોજ, માસ્ટર અલાહાબાદ બેંકમાં ગયા હતા અને તે પછી બીડરથી આવેલા લગભગ સો જેટલા અભ્યાસીઓને મળવા માટે ડોરમેટરી 'એ' માં ગયા હતા. તેઓ હિંદીમાં બોલ્યા હતા અને એકત્રિત થયેલા બધા અભ્યાસીઓને સીટીંગ આપી હતી. સાંજે તેમને ઠીક લાગતું ન હતું અને શ્વાસ લેવામાં થોડી તકલીફ પડતી હતી. કારણ એ જાણવા મળ્યું કે સવારમાં તેઓ જે બેંકમાં ગયા હતા ત્યાં ઘણી જ ધૂળ હતી અને તેની અસર તેમને થઈ હતી.

૧૩મી મેને રવિવારે, માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો. તે પછી ભાઈ ચક્રપાણીએ તામિલમાં ટૂંકું ભાષણ આપ્યું હતું અને એ હકીકત પર ભાર મૂક્યો હતો કે બીજાઓને મદદ કરવામાં મનુષ્યની ક્ષમતા, ખાસ કરીને જરૂરિયાત અને આપત્તિના સમયમાં મદદ કરવાની ક્ષમતા, ઘણી જ વધારે હોય છે, મશીનની શક્તિ અને ક્ષમતા કરતાં પણ વધારે. આપણા માર્ગદર્શક તરીકે માસ્ટર સાથે આપણે આપણી અંદર રહેલી આ છૂપી ક્ષમતાઓનો ઉપયોગ બધા જ અવરોધોને દૂર કરવામાં અને જેટલું બને તેટલું જલ્દી આપણા આધ્યાત્મિક લક્ષ્ય સુધી પહોંચવા માટે કરવો જોઈએ.

માસ્ટર રશિયન વિષે અને ભાષાઓ શીખવા વિષે થોડુંક બોલી રહ્યા હતા ત્યારે એક અભ્યાસીએ કહ્યું, "માસ્ટર, નવી ભાષા શીખવા માટે હું મારી જાતને તૈયાર કરી શકતો નથી કારણ કે મને એમાં કશો હેતુ દેખાતો નથી." માસ્ટરે કહ્યું, "હેતુ એ જ છે કે તમે એ ભાષામાં નિષ્ણાત બનશો, બીજો કયો હેતુ તમે ઈચ્છો છો? પાશ્ચાત્ય સંસ્કૃતિએ આપણા બધા પર ઘણી જ ખરાબ અસર પાડી છે. આપણે કંઈપણ કરતાં પહેલાં એ જાણવા માગીએ છીએ કે એનાથી મને શું મળશે. હું કોઈને ધ્યાન શરૂ કરવા માટે કહું, ત્યારે પણ તેઓ પૂછે છે કે તેમને શું મળશે. તમને કંઈ જ મળતું નથી, પણ તમે કંઈક બનો છો. આ બાબતમાં પણ એ જ લાગુ પડે છે."

### આંદામાન અને નિકોબારના ટાપુઓ તથા હુબલી (ઉ. કર્ણાટક) માટે સેમિનાર

આંદામાન અને નિકોબારના ટાપુઓથી આવેલા અભ્યાસીઓનું એક જૂથ અને હુબલીથી આવેલા  અભ્યાસીઓનું બીજું જૂથ ૧૫મી મે થી લગભગ એક અઠવાડિયા માટે આશ્રમમાં આવ્યું હતું. માસ્ટર એ જાણીને ખુશ થયા હતા કે આંદામાન અને નિકોબાર ટાપુઓથી લગભગ ૧૦૦ અભ્યાસીઓ આવ્યા હતા. મુસાફરી ઘણી જ મોંઘી હોવા છતાં, આ સેમિનાર માટે તેમણે આવવાનો પ્રયત્ન કર્યો હતો.

આ અભ્યાસીઓને માસ્ટર ૧૮મી મેએ મળ્યા હતા. ભાઈ સોમકુમારે ભાષણ આપ્યું હતું. તે પછી માસ્ટરે વક્તવ્ય અને સીટીંગ આપ્યાં હતાં. વક્તવ્યમાં તેમણે કહ્યું, જો પ્રેમ હોય તો અવકાશ અને સમયનાં અંતરો બિનજરૂરી બને છે.''

"...આમ, અવકાશ અને સમયના અંતરને જો કોઈ વસ્તુ ઘટાડતી હોય, તો તે વસ્તુ પ્રેમ છે. જો તમે કોઈને પ્રેમ કરતા હો, તો તે ગમે ત્યાં હોય, પણ તમે કહેશો, 'તે મારા મનમાં છે.' તો જ્યાં સુધી તમે તમારા મનમાં એટલે કે આપણે જેને હૃદય કહીએ છીએ, ત્યાં તમે કંઈ ન લાવો, તો આપણને અવકાશ અને સમય તો નડે જ છે. અવકાશ અને સમયની મર્યાદા તો હોય છે જ. તેથી, તમે અભ્યાસી હો કે ન હો, તમે ઋષિ હો કે ન હો, જો તમે પ્રેમ નહીં કરો, તો અંતર તો રહેવાનું જ છે."

૧૮ મે ૨૦૧૨, ચેન્નાઈ









૧૯મી મેના રોજ માસ્ટર એક જ પડખે સૂઈ ગયા હતા અને જાગ્યા ત્યારે તેમની પીઠમાં દર્દ થતું હતું. દર્દમાં રાહત આપવા માટે થોડી સારવાર આપવામાં આવી હતી. સાંજે, બુકસ્ટોરમાં ખોલવામાં આવેલી નવી ફોટો ગેલેરીમાં ગયા પછી, તેઓ એકાઉન્ટ વિભાગમાં આવેલી તેમની ઓફિસરૂમમાં ગયા હતા અને કોટેજમાં પાછા આવતાં પહેલાં થોડો સમય ત્યાં રોકાયા હતા.

સાંજે જમ્યા પછી, લગભગ દસ વર્ષના એક નાના બાળકે માસ્ટરને મળવાનું અને એક પત્ર આપવાનું નક્કી કર્યું હતું. છેવટે તે માસ્ટરને મળી શક્યો હતો અને તેમની સાથે સારો એવો સમય ગાળ્યો હતો. બાળકે માસ્ટર પાસે તેની સમસ્યા રજૂ કરી હતી અને માસ્ટરે એનો ઉકેલ બતાવ્યો હતો. એ જોવું ઘણું જ રસદાયક હતું કે આ બાળક પ્રત્યે માસ્ટરે પૂરેપૂરું મહત્વ દર્શાવ્યું હતું!

### આશ્રમમાં બાંધકામના રીપેરીંગ અંગેનું કામ

મેડિટેશન હોલની છત ઉપરની ટાઈલ્સ કાઢી નાખવામાં આવી હતી અને ત્યાં પાણીના ગળતરને રોકવા માટે કોંક્રીટનો નવો થર કરવાનો હતો. આ કાર્યમાં મદદ કરવા માટે ઘણાં સેન્ટરોમાંથી સ્વયંસેવકો રજાના દિવસો દરમિયાન આવતા હતા. નિયમિતપણે કરવામાં આવતા સત્સંગો લાયબ્રેરી બ્લોકના ભોંયરામાં કરાવવામાં આવતા હતા અને રવિવારનો સત્સંગ મેડિટેશન હોલમાં રાખવામાં આવ્યો હતો.

૨૦મી મેના રોજ માસ્ટરે પૂરા એક કલાકનો સત્સંગ કરાવ્યો હતો. બપોરના, જ્યારે લંડનના આશ્રમનું ઉદઘાટન થઈ રહ્યું હતું, ત્યારે લંડન આશ્રમમાં એકત્રિત થયેલા અભ્યાસીઓ સાથે માસ્ટરે વિડિયો કોલ કર્યો હતો. એ કાર્યક્રમ ઘણો ટૂંકો હતો પણ લંડનમાં અભ્યાસીઓ માસ્ટરને જોઈને રોમાંચિત થઈ ગયા હતા.

સાંજે, આંદામાન અને નિકોબારના  ટાપુઓથી આવેલા અભ્યાસીઓ સાથે માસ્ટરે સમૂહ ફોટો પડાવ્યો હતો. આ પછી તેમનો વિચાર મેડિકલ સેન્ટર જવાનો હતો પણ અચાનક તેમણે તેમનો વિચાર બદલ્યો અને કોટેજમાં પાછા જતા રહ્યા. તેઓ હોલમાં બેઠા અને બધાંને સીટીંગ આપી હતી. ખરેખર તો બધા જ અભ્યાસીઓ માટે એ આનંદદાયક આશ્ચર્ય હતું.

૨૧ થી ૨૬ મે  સુધી માસ્ટર ગાયત્રીમાં હતા અને અભ્યાસીઓને ત્યાં જવા મનાઈ ફરમાવવામાં આવી હતી. ૨૬ મીએ બપોરે માસ્ટર આશ્રમ પર પાછા આવ્યા. સાંજે, મુંબઈથી આવેલા અભ્યાસીઓ સાથે તેમના આશ્રમની યોજનાની ચર્ચા કરવામાં તેઓ ઘણા કાર્યરત રહ્યા હતા.

### કર્ણાટક અને કોઈમ્બતુરના સેન્ટરોમાંથી આવેલા અભ્યાસીઓ માટે સેમિનાર

૨૭મીના રોજ પૂ.માસ્ટરે લગભગ ૬૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો. આ અભ્યાસીઓ કર્ણાટક અને કોઈમ્બતુરના જુદા જુદા સેન્ટરોમાંથી આવ્યા હતા અને ચેન્નાઈ તથા આજુબાજુના સેન્ટરોમાંથી પણ ઘણા અભ્યાસીઓ આવ્યા હતા. પછી માસ્ટર ડોરમેટરી ' એ' માં ગયા હતા અને એકત્રિત થયેલા અભ્યાસીઓને વક્તવ્ય આપ્યું હતું તેમણે ખાસ કરીને પ્રેમના વિષય પર ભાર આપતાં કહ્યું હતું, ''જો આપણે 'તેને' પ્રેમ નથી કરી શકતા કે જે બધાને પ્રેમ કરે છે, તો આપણે તે બધાને પ્રેમ કેવી રીતે કરી શકીશું કે જેમને 'તે' પ્રેમ કરે છે.'' બિંદુઓ અને પ્રદેશોની બાબતમાં અભ્યાસીઓના વિકાસના વિષય પર માસ્ટરે એ દર્શાવતાં ભાર આપ્યો હતો કે ''જો આપણે 'ત્યાં' નથી, તો આપણે ક્યાંય નથી.






આપણે બિંદુઓ અને પ્રદેશોને મહત્ત્વ આપવું જોઈએ નહીં, પરંતુ અંતિમ લક્ષ્ય પર પહોંચવા પર ધ્યાન આપવું જોઈએ – તે દરમિયાન આવતી સમસ્યાઓ પર નહીં.

## ગોવાના અભ્યાસીઓ

માસ્ટર ફરીથી ૨૭મી મે થી ૩૧મી મે દરમ્યાન 'ગાયત્રી'માં રહેવા ગયા હતા. તેઓ ૩૧મીના રોજ ગોવાના અભ્યાસીઓને મળવા આશ્રમ ખાતે આવ્યા હતા. તેઓ આશરે ૧૧ વાગે 'ડોર્મ એ'માં ગયા, જ્યાં માત્ર લગભગ ૨૫ અભ્યાસીઓ હાજર હતા. તેમણે કહ્યું કે તેમને ૧૫૦થી ૨૦૦ અભ્યાસીઓ જોવા મળશે તેવી આશા હતી. માસ્ટરે પ્રવચન આપ્યું અને સત્સંગ કરાવ્યો. તેમના પ્રવચનમાં તેમણે તે હકીકત ઉપર ભાર મૂક્યો કે સહજ માર્ગની સાધના ખૂબ સરળ અને અસરકારક છે



અને આવી સરળ સાધના સૌને સમજાવવા માટે કોઈ સમસ્યા હોવી ન જોઈએ. સત્સંગ બાદ, માસ્ટર થાકી ગયેલા દેખાતા હતા અને ધીરે ધીરે તેમની કુટીરમાં પાછા ફર્યા.

રાત્રી ભોજન બાદ, માસ્ટર ઓમેગા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠનના કેટલાક સભ્યોને મળ્યા. આ વિદ્યાર્થીઓનું ફંડ ઘણી નાની રકમનું હોવા છતાં, તેઓ આવક અને ખર્ચા વગેરેનો હિસાબ કેવી રીતે રાખી રહ્યા છે, તેની માસ્ટરે ભારે ચીવટપૂર્વક ચકાસણી કરી. આપણા બધા માટે એ બોધપાઠ હતો કે કોઈ પણ વસ્તુ ગમે તેટલી નાની હોય કે મોટી, તેના માટે પ્રયાસ અને પ્રયત્નો એકસરખાં હોવાં જોઈએ.

## ઓમેગાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન માટે પરિસંવાદ

૧લી જૂને, માસ્ટરે પુસ્તકાલયની ઉપરના સભાખંડનું ઉદઘાટન કર્યું અને સાથોસાથ ઓમેગા શાળામાંથી ઉત્તિર્ણ થઈ ગયેલા વિદ્યાર્થીઓની બે ટુકડીઓ માટે, એક અઠવાડિયા માટેના પરિસંવાદનું પણ ઉદઘાટન કર્યું. તેમણે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી અને તેમને સીટીંગ આપી. માસ્ટર ત્યાર બાદ સાંજે ગાયત્રી જવા રવાના થયા. કાન્હા પરિયોજના ઘણી સારી રીતે આગળ વધી રહી હોવાને કારણે તેમણે હૈદરાબાદ જવાનું આયોજન કર્યુ હતું અને તેઓ નોંધણીનું કામ પોતાની જાતે કરવા માગતા હતા પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે છેવટે તેમણે પ્રવાસ રદ કરવો પડ્યો.

હૈદરાબાદ ન જઈ શકવાને કારણે તેમણે કાન્હા પરિયોજનાના સ્વયંસેવકોને ૬ઠ્ઠી જૂને ગાયત્રીમાં આવવા આમંત્રિત કર્યા હતા અને તેમની સાથે એક લાંબી બેઠક યોજી અને બધાને ભેટ આપી, પરિયોજનાને સફળ બનાવવા માટે તેમણે તે બધાંનું અભિવાદન કર્યું હતું.

૮મી જૂન, શુક્રવારના દિવસે તેઓ ભાઈ એમ.ડી.સંથનાગોપાલનના ઘરે એક અઠવાડિયા માટે રહેવા ગયા. માસ્ટર ૧૪મી જૂન, ગુરૂવારના રોજ આશ્રમ પાછા ફર્યા. પછીના દિવસે તેમને દાંતની સારવાર કરાવવાની હતી અને એ જોઈ શકાતું હતું કે તેમને ખૂબ જ દર્દ થઈ રહ્યું હતું અને તેમનો ચહેરો પણ સૂજી ગયો હતો.

## લખનૌથી આવેલા અભ્યાસીઓ માટે પરિસંવાદ

લખનૌથી આવેલા આશરે ૬૫૦ અભ્યાસીઓ પરિસંવાદ માટે એકત્રિત થયા હતા. પ્રેમ અને તડપના સંદેશ ધરાવતા કેટલાંક ગીતોની કડીઓ ઉમેરીને ભાઈ ચક્રપાણિએ હિંદીમાં વક્તવ્ય આપ્યું હતું અને સંદેશાને એકદમ સરળ રીતે સમજાવ્યો હતો.

શનિવારે માસ્ટરે પ્રશિક્ષકોને સીટીંગ આપ્યા બાદ તેમની તબિયત ઠીક ન હોવાથી અને આરામની જરૂરિયાતને કારણે તેઓ લખનૌના અભ્યાસીઓને મળી શક્યા નહતા. "માસ્ટરને દરેક સંજોગોમાં ખુશ કેવી રીતે રાખવા", આ વિષય ઉપર ભાઈ વિનોદ મિશ્રા બોલ્યા હતા અને આપવાના વલણ એટલે કે ભક્તિના આંતરિક ગુણ સાથે આપવાની વૃત્તિ ઉપર ભાર મૂક્યો હતો.

સાંજે માસ્ટરે બે મીટીંગોમાં હાજરી આપવાની હતી – એક લખનૌ અને અન્ય કેંન્દ્રોથી આવેલા અભ્યાસીઓના બાળકો સાથે અને બીજી તે બધા કેન્દ્રોના પ્રશિક્ષકો સાથે. આશરે ૮૦ જેટલા બાળકો અને યુવાનો માસ્ટરને મળ્યા હતા. તેમણે બધાને ચોકલેટો વહેંચી હતી અને તેમની સાથે વાતચીત કરી હતી. ત્યાર બાદ, તેમણે લખનૌ કેંન્દ્રથી આવલા આશરે ૧૭ પ્રશિક્ષકોને સીટીંગ આપી હતી.

૧૭મીની સવારે માસ્ટરે સત્સંગનું સંચાલન કર્યું. ચેન્નાઈ કેન્દ્ર અને તેની આસપાસના કેન્દ્રોમાંથી તેમજ લખનૌથી મોટી સંખ્યામાં આવેલા અભ્યાસીઓથી ધ્યાનખંડ ભરાઈ ગયો હતો.




આગલે દિવસે લખનૌના અભ્યસીઓને નહીં મળી શકવાને કારણે માસ્ટરે સવારે ૧૧ વાગે તેમને 'ડોર્મ એ' ખાતે મળવાનું નક્કી કર્યું હતું. માસ્ટરે હિંદીમાં વક્તવ્ય આપ્યું અને યોગ્ય વસ્તુ વર્તમાનમાં જ કરવા વિશે અને તેને ભવિષ્યમાં મુલતવી નહીં રાખવાની અગત્યતા અને જરૂરિયાત વિશે ભારપૂર્વક કહ્યું હતું. તેમણે વૃધ્ધત્વની અનિવાર્ય પ્રક્રિયા અને જ્યારે વૃધ્ધ થઈએ, તે પછી આધ્યાત્મિકતાને અનુસરી શકાય, એવું વિચારવું કેટલું ભ્રામક છે, તે વિશે વાત કરી હતી. તેમણે બાબુજીના શાણપણ વિષેના વિધાનનું પુનરાવર્તન કરતા કહ્યું કે શાણપણ તે છે કે આપણે એ રીતે જીવવું જોઈએ કે જાણે આપણે હવે પછીની ક્ષણે મૃત્યુ પામવાના હોઈએ. આ વક્તવ્ય બાદ, માસ્ટરે પૂછ્યું કે સવારે જ સત્સંગ કર્યો હતો, તો શું હોવાને કારણે તેમને બીજા સત્સંગની જરૂર છે? અભ્યાસીઓએ સીટીંગ માટે વિનંતી કરી. આખાય સમય દરમ્યાન, બધા જ અભ્યાસીઓ બહુ શિસ્તપૂર્વક રહ્યા હતા અને માસ્ટર છૂટથી ચાલી શકે તે માટે ટોળે વળગ્યા વિના સૌ શાંતિથી પોતાની જગ્યાએ બેસી રહ્યા હતા.

## પૂ.માસ્ટર અને તેમનું કાર્ય

'ટેડ' દ્વારા જુઆન એન્રીક્વેઝે આપેલું, એક ખૂબ જ કુતૂહલતા ઉપજાવનારું અને વિચારપ્રેરક વિડિયો વક્તવ્ય 'શું આપણા બાળકો અલગ પ્રકારના હશે?' માસ્ટરે નિહાળ્યું. તેમણે તે ખૂબ જ ઉત્સુકતાથી સાંભળ્યું અને સાથોસાથ માનવ જાતની ઉત્ક્રાંતિ વિષે કેટલાક નિરીક્ષણો કર્યા.

માસ્ટરને તેમના જમણા ખભામાં છેલ્લા કેટલાક અઠવાડિયાઓથી દર્દ છે અને તેઓ તેમને કહેવામાં આવેલી કસરતો ફીઝીઓથેરાપીસ્ટની દેખરેખ નીચે દરરોજ ધીરજતાપૂર્વક કરી રહ્યા છે. કોઈ પણ સંજોગોમાં તેમની સામાન્ય પ્રવૃત્તિઓ ચાલુ જ હોય છે. જ્યારે તેમને જણાવવામાં આવ્યું કે નવા પ્રશિક્ષકોની દરખાસ્તો તેમની નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે અનિર્ણિત પડેલી છે, ત્યારે તેમણે તેમાંથી ચાર અભ્યાસીઓને તાત્કાલિક બોલાવવા માટે કહ્યું.

માસ્ટર બાળકો સાથે સમય વિતાવતા હોય છે અને તેમની સાથે તેમના જેવા બનીને વાતચીત કરતા હોય છે. એક યુગલ તેમના નવા જન્મેલા બાળકને લઈને માસ્ટરને મળવા આવ્યું અને તેનું નામ પાડવા વિનંતી કરી. માસ્ટરે થોડી વાર વિચાર્યું અને તેને 'સરસ્વતિ'' કહીને સંબોધી. તેમણે બાળકની સાથે વાત કરી અને બાળક તેમને પ્રતિભાવ આપીને મલકાવા લાગ્યું. એક અભ્યાસીએ પૂછ્યું, ''માસ્ટર, શું બાળકો તમારી સાથે વાત સમજી શકે છે?'' તેમણે કહ્યું, ''ના, તેઓ મને સમજી શકતા નથી, પણ જ્યારે તેઓ મને ઓળખે છે, ત્યારે સ્મિત આપે છે.'' આપણામાંના કેટલા જ્યારે તેમને પ્રથમ વાર મળ્યા, ત્યારે તેમને ઓળખી શક્યા છે?

## યુવા કાર્યક્રમો



### પનવેલ

પનવેલ આશ્રમે ૨૦મીથી ૨૪મી એપ્રિલ દરમ્યાન, ૧૩થી ૧૭ વર્ષની વયના યુવાઓ માટે એક શિબિરનું આયોજન કર્યું. વિષયો આ વયજૂથને લગતી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવેલા હતા. શિબિરની શરૂઆત પ્રાર્થનાના સત્રથી કરવામાં આવી, જેમાં દરેક બાળકને એક મીણબત્તી પ્રગટાવવાનું અને ઈશ્વર વિષે તેમના શું ખ્યાલો છે તે વિષે બોલવા માટે કહેવામાં આવ્યું. જૂથોનું નામ સુવિખ્યાત વ્યક્તિઓના નામ અને તેમની ખાસિયતો ઉપરથી આપવામાં આવ્યું દાખલા તરીકે, 'મધર ટેરેસા? સંભાળ રાખતી મીણબત્તી', 'ચારીજી,? પ્રેમદિપક,' 'અબ્રાહમ લિંકન? વિશ્વાસરૂપી મશાલ' વગેરે. દરેક જૂથને એક અધૂરી વાર્તા આપવામાં આવી હતી જેને તેમણે પૂર્ણ કરવાની હતી અને તેને કઠપૂતળીઓ અને મહોરાઓની મદદથી ભજવવાની હતી.

એકતા, વ્યવસ્થા અને સંચાલન, સ્વાથ્ય અને પોષક ખોરાક, શક્તિ અને ઉત્સાહ જેવા સમૂહ ચર્ચાના વિષયો ઉપરના સત્રોનું સંચાલન તે ક્ષેત્રમાં નિષ્ણાત અભ્યાસીઓ દ્વારા કરવામાં આવ્યું. ફોટોગ્રાફીના સત્ર દરમ્યાન, બાળકો આશ્રમની હરિયાળીમાં વિસ્મયકારક તસવીરો પાડતા હતા. 'ટ્રેઝર હન્ટ' રમતમાં બાળકોને મઝા આવી. સહભાગીઓને યાદગીરી રૂપે સમૂહ તસવીરની નકલ અપવામાં આવી.

### મણપાક્કમ, ચેન્નાઈ

મણપાક્કમ ખાતે, ૧૭થી ૩૦ વર્ષની વયજૂથના યુવાનો માટે ''સરળ બનો અને કુદરત સાથે સંવાદિતામાં રહો'' વિષય ઉપર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આશરે પચાસ યુવાનોએ ભાગ લીધો અને કાર્યક્રમની શરૂઆત વૃક્ષો બચાવો માટે કામ કરતી સ્થાનિક એન.જી.ઓ. સંસ્થા દ્વારા આયોજિત 'કુદરતમાં લટાર' કાર્યક્રમ સાથે કરી. સહભાગીઓ આશ્રમમાં આવેલા વૃક્ષોથી પરિચિત થયા અને તેમની અગત્યતા વિષે માહિતગાર થયા. સરળ બનવાની અગત્યતાને ઉપસાવતા મુદ્દા ઉપર રજૂઆત કરવામાં આવી અને તેની ઉપરના માસ્ટરના મંતવ્યોનું પણ એકબીજા સાથે આદાન–પ્રદાન કરાયું. સહજ માર્ગના ચોથા નિયમ ઉપર સમૂહ વાંચન અને ચર્ચા ગોઠવવામાં આવી હતી. કાર્યક્રમ એકબીજાને જોડતો, વ્યવહારુ અને ઉપયોગી હતો.

## બનશંકરી આશ્રમ, બેંગ્લોર



બેંગ્લોરના યુવાનોને એકત્રિત કરવાના પ્રયત્નોમાં જાન્યુઆરી, ૨૦૧૨માં, અનૌપચારિક સત્રો શરૂ કરવામાં આવ્યા હતા. આ સત્રો મહિનામાં એક વાર, રવિવારે બે કલાક માટે રાખવામાં આવતા. તેમાં સંખ્યા ધીમે ધીમે પણ ચોક્કસપણે વધતી ગઈ. આ સત્રોનો હેતુ, આ જૂથને મિશનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો અને સાથોસાથ લક્ષ્ય તરફની યાત્રામાં એકબીજા પાસેથી શીખવાનો હતો.

દરેક સત્ર માટે પસંદ કરવામાં આવેલા વિષયો બધાં જ સાધના ઉપરના નહતા પણ અન્ય પાસાઓને આવરી લેતા હતા, જેવા કે 'હું સહજ માર્ગમાં શા માટે છું?', 'હું કોણ છું?' અને 'છીએ' માંથી 'બનીએ' સુધી વગેરે પણ હતા. દરેક સત્રોમાં અમે નવું સામેલ કરવાનો પ્રયત્ન કર્યો, જેને કળા, સંગીત, કવિતા, નાટક વગેરે તરીકે શીખી શકાય. આત્મનિરીક્ષણ અને વિષયો ઉપરની ચર્ચાઓ ઉપરાંત, ગમ્મત અને નિકટતાની લાગણી લાવવા, રમતો અને પ્રવૃત્તિઓને પણ સામેલ કરવામાં આવ્યું હતું, જે સહભાગીઓને જૂથ તરીકે એકબીજાની સાથે જો?ડાયેલા રાખવામાં મદદ કરતા હતા. વધારે સ્પષ્ટીકરણ અને વિચારોને મજબૂત બનાવવા માટે, દરેક સત્રના અંતે, તે જ વિષય પરની માસ્ટરની પ્રવચન–વિડીયો દર્શાવવામાં આવતી હતી. આવતા મહિનાઓ માટે વધારે પ્રવૃત્તિઓ જેવી કે નિવાસી શિબિર, નજીકના અન્ય કેન્દ્રની મુલાકાત, લોકો સમક્ષ નાટક ભજવવું, ફોટોગ્રાફીની પ્રતિયોગીતા આયોજિત કરવામાં આવી છે. અમને આશા છે કે પૂ.માસ્ટરના માર્ગદર્શન હેઠળ આ જૂથ વિકાસ પામશે અને તેમના ભાઈઓ તથા બહેનોના ટેકાથી કાર્યસ્થળેથી અથવા મહાશાળામાંથી આવતા દબાણોનો સામનો કરવા સક્ષમ બનશે.





## મહારાષ્ટ્ર

પનવેલ, મુંબાઈ ખાતે, ૧૪મી અને ૧૫મી એપ્રિલ દરમ્યાન આધ્યાત્મિક સાધનાની અગત્યતા ઉપર યુવાનોના ધ્યાનને ફરીથી કેન્દ્રિત કરવાના હેતુથી બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુંબઈ, પૂના અને નાસિકથી આવેલા આશરે ૭૮ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. આ પરિસંવાદનો મુદ્દો, 'તેમની' કાર્ય–રીતોનું અનુસરણ' હતો, જેમાં ત્રણ સત્રો હતા, ત્રણ પ્રશ્નોના જવાબો આપવાના હતા, 'મારે શું કરવું જોઈએ?', 'મારે કેવી રીતે વર્તવું જોઈએ?', 'હું અંદરથી કેવો હોવો જોઈએ?' જેમાં સાધના, ચારિત્ર્ય નિર્માણ, વલણ અને બદલાવ જેવા વિષયો સામેલ હતા. ત્યાર બાદ દસ નિયમો ઉપરની પ્રવૃત્તિઓ હતી. સંચાલકે મિશનમાં સ્વયંસેવાના કામની અગત્યતાને ટૂંકમાં સમજાવી હતી. બીજા દિવસે પ્રશ્નોત્તરીનું સત્ર હતું, જેમાં અનુભવી અભ્યાસીઓ, પ્રશિક્ષકો, અધિકારીઓ, સંચાલકો વગેરેની પેનલે સાધનાના પાયાની સાથે સંકળાયેલા સવાલોના જવાબો આપ્યા હતા, દૈનિક અભ્યાસ, અનુભવો વગેરે ઉપર સ્પષ્ટીકરણ કર્યું જેનાથી યુવાનોની ઘણી શંકાઓનું નિવારણ થયું હતું. વલણ અને બદલાવની રજૂઆત બાદ, ગમ્મત સાથેની ઘણી પ્રવૃત્તિઓ રાખવામાં આવી હતી. પૂનાના ભાઈ અમોલે 'ધ્યાન' ઉપરની ટુ–ડી એનીમેટેડ વિડીયોનો ભાગ દર્શાવ્યો હતો. થોડા ભજનો પછી સહજ માર્ગના પુસ્તકોની ઝાંખી આપતું પ્રેઝન્ટેશનને રજૂ કરવામાં આવ્યું હતું.

## નોઈડા

મે અને જૂન મહીનાઓમાં, નોઈડા કેન્દ્રની યુવા ટુકડીએ, ૬થી ૧૧ વર્ષની વયજૂથના બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ટુકડીએ આશરે ૬૦ બાળકો માટે, અઠવાડિયામાં બે વાર ઉનાળુ વર્ગો આયોજીત કર્યા હતા. આ વર્ગોમાં 'મિત્રાચારી', 'એકબીજાને વહેંચવું', 'સહકાર', 'સાંભળવાની કળા' વગેરે વિષયો ઉપરના કાર્યક્રમોને આવરી લેવાયા હતા. આ ટુકડી ટૂંક સમયમાં ધોરણ ૬થી ૧૦ના વિદ્યારથીઓ માટે વર્ગોનું આયોજન કરવાનું વિચારી રહી છે અને અધ્યાત્મિક મૂલ્યો ઉપર વર્ગોનું સંચાલન કરવા શાળાઓનો સંપર્ક કરવા માટે વિચારી રહી છે.

# બાળકો માટે સમરકેમ્પ





## મણપાક્કમ, ચૈન્નાઈ

તારીખ ૭ થી ૯ મે દરમિયાન ૭ થી ૧૩ વર્ષ વયનાં ૧૨૦ બાળકો મણપાક્કમ ખાતે ભેગા થયા હતા. પહેલા દિવસે વિવિધ પ્રવૃત્તિઓ હતી, "પ્રેમ માં શિસ્ત" પર આધારિત રમતો, સીવણકામ અને હસ્તકળાના સત્ર હતાં. મૂલ્ય પર આધારિત એક ચલચિત્ર પણ બાળકોને બતાવવામાં આવ્યું. બીજા દિવસનો વિષય "સાદગી અને સંવેદનશીલતા" હતો. એ દિવસે સીવણકામ, વાર્તાલાપ, પ્રશ્નાવલી તથા કુંભારના ચરખા પર હાથ અજમાવવાનાં સત્રથી બાળકો સ્ફૂર્તીલા અને વ્યસ્ત રહ્યા.

ત્રીજા દિવસનો વિષય હતો "સ્વાસ્થ્ય અને કુદરત જોડે સમન્વય". દસ્તાવેજી ચલચિત્ર "બોડી એટ્લાસ", ટી–શર્ટ પેઈન્ટીંગ, કઠપૂતળીનો કાર્યક્રમ તથા 'ટ્રેઝર હન્ટ'ની રમત બધા માટે ખૂબ આનંદદાયી હતી. કેમ્પમાં બનાવેલી કૃતિઓનાં પ્રદર્શનનું આયોજન પણ થયું હતું. કાર્યક્રમને આગળ વધારતાં, "ટ્રી વોક" નું આયોજન સ્થાનિક એનજીઓ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. આમાં ઘણાં બાળકોએ ભાગ લીધો હતો અને આશ્રમનાં વિવિધ વૃક્ષો વિશે માહિતી મેળવી હતી. બાળકો તથા વાલીઓનાં અભિપ્રાય ખૂબજ પ્રેરણાત્મક અને પ્રોત્સાહનકર્તા હતાં.

## વડોદરા

એક દિવસીય સમર કેમ્પનું આયોજન વડોદરા સેંટર દ્વારા બાળકો માટે ૨૬ મે ૨૦૧૨, શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. કુલ ૬૦ બાળકોએ ભાગ લીધો હતો. દિવસ દરમ્યાન બાળકોએ લાલાજી તથા બાબુજી નો સ્લાઈડ–શો, ગીત–સંગીત, વાર્તા અને રમત–ગમત માં વિતાવ્યો હતો. બધી જ પ્રવૃત્તિઓ બાળકો માટે લાભદાયી અને નૈતિક મૂલ્ય શીખવનારી નીવડી હતી.



## પનવેલ, મુંબઈ

૮ થી ૧૨ વર્ષનાં ૨૦ બાળકોએ ૨૫ થી ૨૭ મે દરમિયાન કેમ્પમાં ભાગ લીધો હતો. બાળકોને સમૂહમાં વહેંચી દરેક સમૂહને એક વિષય આપવામાં આવ્યો હતો, જે ત્રીજા દિવસે તે બાળકોએ નાટક રૂપે ભજવ્યું હતું. તેઓએ "કુદરત" પર કલાકૃતિ રજૂ કરી હતી. સંગીત સત્રમાં બાળકોએ ગીત ગાયા જેની રચના એમાનાં અમૂક બાળકોએ કરી હતી. બધાને સાંજે આકાશ દર્શન ખૂબ જ સારું લાગ્યું હતું. બાળકોએ નિષ્ણાતોની હાજરીમાં સાહસિકતા દાખવી દોરડાં વડે દિવાલ ઉતરતાં શીખ્યા હતાં.

તેઓ ઘણીબધી સમૂહ રમતો રમ્યા, જેમાં એકજૂથતા અને વૈવિધ્ય સમાયેલું હતું અને તેમણે ખૂબ આનંદ માણ્યો. કલાકૃતિ સત્રમાં બાળકોએ રંગબેરંગી ફોટો ફ્રેમમાં સમૂહ ફોટો ચોંટાડી, સ્મૃતિ–ભેટ આપી હતી. "ઉર્જા" પર એક પ્રશ્નોતરી પણ રખવામાં આવી હતી. સમગ્ર આશ્રમ વિશેષ વાતવરણથી છવાઈ ગયું હતું અને જુવાન દિલોને પોષણ પૂરું પાડતું હતુ.

## પીલીભીત

પીલીભીત સેંટરમાં ૧૦ થી ૧૪ વર્ષનાં બાળકોએ હર્ષોલ્લાસથી ભેગા થઈ કેમ્પમાં ભાગ લીધો હતો, જે ૨૫ મે થી ૩ જૂન સુધી દસ દિવસ માટે સવારે ૬:૩૦ થી ૯:૩૦ દરમ્યાન રાખવામાં આવ્યો હતો. જ્યાં હાસ્ય, પ્રેરણા તથા શિક્ષણથી ભરપૂર સત્રો હર્ષોલ્લાસભર્યા હતાં. નૈતિક તથા સામાજિક મૂલ્ય પર આધારિત વિવિધ પ્રવૃત્તિઓ પછી રમત ગમત, ચિત્રકામ અને નિબંધ લેખન પણ રાખવામાં આવ્યું હતું.

વાલીઓ માટે છેલ્લા દિવસે ઓપનહાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. સમર કેમ્પ પૂર્ણ થયા બાદ શ્રોતાઓએ બાળકોની વર્તણૂકમાં દેખીતા સુધારા વિશે આનંદની લાગણી વ્યકત કરી હતી.

## જાહેરાત

### પૂ.માસ્ટરના ૮૬ મા જન્મદિનની ઉજવણી

સર્વ અભ્યાસીઓને તા.૨૩ થી ૨૫ જુલાઈ ૨૦૧૨ દરમિયાન, તિરૂપુરના ડાયમંડ જ્યુબીલી પાર્ક ખાતેના મહોત્સવમાં ભાગ લેવાનું આમંત્રણ છે.

નવા ઝોન-ઈન-ચાર્જની નિમણૂંક

**ઝોન ૨ એ – ઉત્તર તામિલનાડુ**
ભાઈ બી.એસ.મુરુગન (હોસુરથી) ભાઈ એસ.પ્રકાશની જગ્યા લેશે.

**ઝોન ૮ – મધ્ય પ્રકાશ**
ભાઈ પ્રભાકર દાસ (ભોપાલથી) ભાઈ વિકલ્પ મુન્દ્રાની જગ્યા લેશે.

**ઝોન ૧૨ બી – સેન્ટ્રલ ઉત્તરપ્રદેશ**
ભાઈ અશોક ગર્ગ (લખનૌથી) ભાઈ શ્યામજી મેહરોત્રાની જગ્યા લેશે.

**ક્રેસ્ટ રિટ્રીટ સેન્ટર, પાનશેત**
ભાઈ ડૉ.રાજેન્દ્ર રાઠોડ (હોસુરથી) ભાઈ કે.ટી.મંજુનાથની જગ્યા ૧૫ મી જૂન ૨૦૧૨થી લેશે.

**ક્રેસ્ટ, બેંગલોર**
મે ૨૦૧૨ થી ડાયરેક્ટર તરીકે, બહેન સીતા કુંચીપાદમ ભાઈ ડૉ.એ.પેરુમલની જગ્યા લેશે.

## પુલગાંવ આશ્રમનું ઉદ્દઘાટન

પૂ.માસ્ટરે ૨૨મી એપ્રિલના રોજ વિડિયો દ્વારા, પુલગાંવ આશ્રમનું ઉદ્દઘાટન કર્યું અને આશ્રમમાં બેઠેલા અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો. ઝોન-ઈન-ચાર્જ ભાઈ વૈદ્ય સાથે કેટલાંક અભ્યાસીઓ પૂ.માસ્ટર સાથે મણપાક્કમ આશ્રમમાં હતા.

પુલગાંવ આશ્રમ નાનો અને સુંદર છે અને તે જમીનનો ૧૦૪૯૪ ચો.ફૂ.જેટલો વિસ્તાર ધરાવે છે. ૨૨૯૦ ચો.ફૂ. ધરાવતા મેડિટેશન હૉલમાં ૩૦૦ અભ્યાસીઓ બેસી શકે તેમ છે. આ આશ્રમ લાઈબ્રેરી, રસોડું, સર્વિસ-કાઉન્ટર, વોશરૂમ અને બાથરૂમો જેવી સગવડ ધરાવે છે. કાર્યક્રમ માટે પુલગાંવ, અમરાવતી, વર્ધા, ચોતમેલ, ચંદ્રપુર અને નાગપુરના કેન્દ્રોમાંથી ૨૦૦ કરતાં પણ વધુ અભ્યાસીઓ આવ્યા હતા. તેમની આધ્યાત્મિક પ્રગતિ માટે જરૂરી બધું જ આપીને માસ્ટરે સૌ અભ્યાસીઓના હૃદય પ્રેમથી ભરી દીધાં.



“સ્મરણ પ્રેમીને પ્રિયતમની સમીપ લાવે છે. આ સામીપ્યની કોઈ સીમા હોતી નથી. વ્યક્તિમાં ‘તેમના’ પ્રત્યેનો પ્રેમ અથવા આકર્ષણ જેટલું વધારે હોય, તેટલી વધારે નજીક વ્યક્તિ ‘તેની’ તરફ જઈ શકે છે. સંબંધની આ સ્થિતિ આપણને જન્મથી જ મળી હોય છે. હવે તે આપણી ઉપર છે કે તેને એવી રીતે વિકસાવવી કે જેથી ‘તેમની’ તદ્દન નજીક પહોંચી જવાય."

કમ્પ્લીટ વર્કસ ઑફ રામચંદ્ર, ભાગ ૧,
ચેપ્ટર "મેક્સીમ ૨", પેજ ૨૦૭, બાબુજી મહારાજ.

## તાલીમી કાર્યક્રમો

### જોધપુર, રાજસ્થાન

૩જી જૂનના રોજ, ’ભાઈચારો’ વિષય પર વર્કશોપ યોજાઈ હતી. સૌ અભ્યાસીઓએ ઉત્સાહથી અને સક્રિયતાથી વર્કશોપમાં ભાગ લીધો અને માસ્ટર જે આપણને બનાવવા ઈચ્છે છે, તે બનવા માટે પ્રાર્થના કરી.બપોરના ભોજન બાદ આત્મ-નિરીક્ષણ માટે એક આખો ય સમય ફાળવવામાં આવ્યો હતો, કે આપણા થકી હવે વધારે શું કરવાનું છે. દરેક અભ્યાસીનો એ વિચાર દર્શાવ્યો કે પરિવર્તન લાવવાનું નક્કી કરવું જોઈએ, શેમાં પરિવર્તન લાવવું છે, તે નક્કી કરવું જોઈએ અને પછી પરિવર્તન લાવવા માટે કાર્ય કરવું જોઈએ. બધાં જ અભ્યાસીઓનું મંતવ્ય હતું કે આપણે આજ્ઞાપાલક બનવું જોઈએ અને સંનિષ્ઠ સાધના અને સેવા કરીને, શિસ્તબદ્ધ બનીને માસ્ટરને સહકાર આપવો જોઈએ. આપણા દરેકના ઊંડાણમાં જે પ્રેમ રહેલો છે, તે માત્ર માસ્ટરને જ સમર્પિત કરવો જોઈએ. માસ્ટર આપણી પાસે જે આશા રાખે છે, તેનું તેઓ ઉદાહરણ બને છે અને એ દ્વારા તેઓ આપણને શીખવાડે છે. સાંજના સત્સંગ પછી, નવી શરૂઆત માટેની પ્રાર્થના કર્યા પછી કાર્યક્રમની સમાપ્તિ થઈ.





એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# તાલીમી કાર્યક્રમો

...આગળથી ચાલુ

## શીલોંગ, મેઘાલય



શીલોંગમાં ૬ ઠ્ઠીમે એ પ્રથમ વાર ૧૨ અભ્યાસીઓ માટે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો હેતુ પરાવર્તન અને નિરીક્ષણ દ્વારા ધ્યાનની પધ્ધતિ શીખવવાનો હતો. ઓડીઓ-વીડીયો ક્લિપ્સ, પ્રસ્તુતિઓ અને પ્રવૃત્તિઓ તથા બાબુજીનાં વીડીયો "આઈ એમ ટેલીંગ યુ" જોયા પછી શ્રોતાઓએ વર્તમાન ધ્યાનની પધ્ધતિમાં બદલાવની જરૂર અનુભવી હતી.

## ઈન્દોર, મધ્ય પ્રદેશ

લગભગ ૨૦ અભ્યાસીઓએ ૨૬ મી મેએ ઈન્દોર આશ્રમ પર આયોજીત કાર્યક્રમ "અભ્યાસનો પાયો રચવો" માં ભાગ લીધો હતો જે ડાયરી લેખન પર આધારીત હતું. કાર્યક્રમની શરૂઆત સત્સંગ દ્વારા થઈ અને ત્યાર પછી માલિકની વીડીયો પ્રસ્તુતિ કરવામાં આવી. અભ્યાસીઓએ ડાયરી લેખનની આદત તથા પદ્ધતિ પર આત્મનિરીક્ષણ કર્યું અને મુખ્ય મુદ્દાઓની નોંધ લીધી. ત્યાર પછી માલિકનાં એક વાક્ય પર સમૂહ ચર્ચા કરી. કાર્યક્રમની સમાપ્તિ માલિકનું વકતવ્ય "નેકેડ સેલ્ફ", જે ડાયરી લેખનનાં મહત્ત્વને ઉજાગર કરતું હતું, તેના દ્વારા થઈ હતી.

## ઉત્તર પ્રદેશ

લગભગ ૩૦ અભ્યાસીઓએ ૧૩ મી અને ૨૦ મી મેએ ગોરખપુર સેંટર પર આયોજીત કાર્યક્રમ "અભ્યાસનો પાયો રચવો" માં ભાગ લીધો હતો જે ડાયરી લેખન અને સફાઈ પર આધારીત હતું. શ્રોતાઓને વાંચન કર્યા બાદ માર્ગદર્શન પ્રમાણે પોતાનાં મંતવ્ય આદાન પ્રદાન કરવા કહ્યું હતું. બીજા સત્રમાં અભ્યાસીઓને માલિકનું વકતવ્ય સાંભળ્યા પછી અમુક સવાલોનાં જવાબ ડાયરીમાં લખવા કહ્યું હતું. ડાયરી લેખન અને સફાઈ પર આધારીત બે ભાગ આવરી લેવાયા હતા તથા કાર્યક્રમની શરૂઆત બહેરાચ અને બલીયા સેંટરો પર પણ કરવામાં આવી હતી.



## પ્લાનીંગ વર્કશોપ, માયસોર, કર્ણાટક

એક પ્લાનીંગ વોર્કશોપનું આયોજન દક્ષિણ કર્ણાટક ઝોનનાં જીલ્લા તથા સેંટર કોઓર્ડીનેટર્સ માટે તા. ૧૯ અને ૨૦ મે નાં રોજ માયસોર ખાતે કરવામાં આવ્યું હતું. આ ઝોનમાં ૧૩ કોઓર્ડીનેટર્સ છે, જે બેંગલોર સ્થિત હેલ્પ-ડેસ્ક સ્વયંસેવક ટુકડી પર નભે છે. કાર્યક્રમની શરૂઆત સહભાગીઓની ઓળખાણ દ્વારા થઈ. ત્યારબાદ, ઝોન-ઈન-ચાર્જે ઝોનની સ્થિતિ વિશે માહિતી આપી. અભ્યાસીઓએ જૂથો બનાવી, સેંટરોની સ્થિતિ વિશે, ગત વર્ષ દરમિયાન થયેલ પ્રવૃતિ વિશે અને અનેક પ્રકારનાં પડકારો વિશે ચર્ચાઓ કરી. બીજા દિવસે, સત્સંગ પછી, તેમણે માલિકની વિડીયો "કર્તવ્ય અને જવાબદારી" નિહાળી. ત્યારબાદ, અભ્યાસીઓની ગુણવત્તા અને સંખ્યા વધારવા વિશે ચર્ચા કરી. મોટા સેંટરોએ આશ્રમની દેખભાળ વિશે ચર્ચા કરી. હેતુલક્ષી અભિગમ કરતાં હૃદયલક્ષી અભિગમ પર ભાર આપી આયોજન કરવાનું નિર્ધારીત થયું. બધાં અભ્યાસીઓને ખુલ્લા દિલથી ભાગ લઈ, નવી આંતરસૂઝ અને ઉકેલ મળ્યાનો આનંદ થયો હતો.

## ગોધરા, ગુજરાત

નવા અભ્યાસીઓ માટે ગોધરા આશ્રમ પર ૧૯ મી મેનાં રોજ અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ - લેવલ ૧ નું આયોજન કર્યું હતું, જે કેસ્ટના ચોક્કસ માળખાને અનુસાર હતું. અભ્યાસીનાં સગાંઓ તથા મહેમાનોએ પણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ પૂરો થયા પછી, સવાલ જવાબ સત્ર રાખવામાં આવ્યું હતું. દરેક મેહમાન તથા નવા આભ્યાસીઓને પરિચય પ્રાથમિકા આપવામાં આવી હતી. આ કાર્યક્રમ મિશનમાં જોડાયેલા દરેક નવા અભ્યાસી માટે ખૂબજ પ્રોત્સાહક અને આંખ ઉઘાડનારો હતો.





# રતલામ આશ્રમ, મધ્ય પ્રદેશ

## દિવ્ય પ્રકાશનું કેન્દ્ર




રતલામ એ પશ્ચિમ મધ્ય પ્રદેશ, કે જે માલવા પ્રદેશ તરીકે ઓળખાય છે, તેના મહત્ત્વના જીલ્લાઓમાંનો એક છે. રતલામ શહેર એ જીલ્લાના પ્રશાસકીય કાર્યોનું મુખ્ય મથક છે તેમજ વેપાર ધંધા માટે પણ મહત્ત્વનું શહેર છે. મુંબઈ અથવા દિલ્હીથી રેલ્વે મુસાફરી દ્વારા રતલામ પહોંચવામા ૧૨ કલાકથી પણઓછો સમય લાગે છે. સૌથી નજીકનું હવાઈ મથક ઈન્દોર છે. તદુપરાંત, તે સડક માર્ગથી પણ મધ્ય પ્રદેશના બીજા પ્રાંતો સાથે તેમજ સરહદી રાજ્ય ગુજરાત અને રાજસ્થાન સાથે સારી રીતે સંકળાયેલું છે. મિશનના ઈન્દોર, ઉજ્જૈન અને વડોદરા કેન્દ્રો નજીકમાં આવેલા છે.




રાજ્યના ધોરીમાર્ગ નં ૧૦ ઉપર આવેલા ગ્રામ બરબડમાં આ આશ્રમ આવેલો છે, જે રેલ્વે સ્ટેશનથી ૬ કિ.મી. ના અંતરે છે. જમીનનો કુલ વિસ્તાર આશરે ૧૪,૫૦૦ ચો.ફૂટ છે. તેમાં આશરે ૧૦૦ અભ્યાસીઓને સમાવી શકાય, તેટલો ૧૨૦૦ ચો.ફૂટનો ધ્યાન ખંડ બાંધવામાં આવેલો છે. તદુપરાંત, ત્યાં એક રસોડું અને સુંદર બગીચો પણ આવેલો છે.

અભ્યાસીઓની માલિકી ધરાવતા પ્લોટોની આવાસ યોજનાનો આ આશ્રમ એક ભાગ છે. આશ્રમની જમીન સંપાદન અંગેની કાર્યવાહી, મિશન તરફથી, શ્રી ઉમાશંકર બાજપાઈએ પૂરી કરેલ હતી. ત્યારબાદ, ૨૭મી જૂન, ૨૦૧૦ થી, પૂજ્ય માસ્ટરે, નવા આશ્રમમાં ધ્યાન શરૂ કરવાની મંજૂરી આપેલ હતી. હાલમાં, રતલામ કેન્દ્રમાં અભ્યાસીઓની સંખ્યા આશરે ૬૫ છે.



સને ૧૯૯૩માં, થોડાં અભ્યાસીઓથી મિશનની શરૂઆત થઈ હતી. જ્યાં સુધી હાલના પ્રશિક્ષકની સને ૨૦૦૪ માં નિમંણૂક ન થઈ, ત્યાં સુધી પડોશી કેન્દ્રો જેવા કે ઈન્દોર કે ઉજ્જૈનના પ્રશિક્ષકો આ કેન્દ્રને સહાય કરતા હતા. સને ૨૦૧૦માં નવો ખરીદવામાં આવ્યો અને જ્યાં સુધી તે આશ્રમ કાર્યરત ન થયો ત્યાં સુધી વ્યક્તિગત સીટીંગ, બુધવાર અને રવિવારનો સત્સંગ અને બીજા પ્રસંગોની ઉજવણી એક અભ્યાસીના ઘેર કરવામાં આવતી હતી. અભ્યાસીઓએ સને ૨૦૦૫માં આશ્રમ માટેની જમીન ખરીદી હતી.



આ કેન્દ્રમાં નવા અભ્યાસીઓ માટે વર્કશોપ, ઓપન હાઉસ, શાળાઓમાં નિબંધ લેખન કાર્યક્રમ અને આધ્યાત્મિકતામાં ઉત્સુકતા ધરાવતાઓ માટે મદદરૂપ થઈ શકે, તેવું એક મહત્ત્વનું માહિતીકેન્દ્ર, એટલે કે 'વેલકમ ડેસ્ક' જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ કેન્દ્ર આસપાસના નાના પડોશી કેન્દ્રો જેવા કે ખચરોડ, ઝાવરા, મંદસૌર, નિમચ, ખોર (વિક્રમ સિમેન્ટ) અને બાંસવારા કેન્દ્રોમાં રવિવારનો આખા દિવસનો કાર્યક્રમ તેમજ અન્ય આખા દિવસના કાર્યક્રમો યોજવામાં સહાયરૂપ બને છે.



રતલામ કેન્દ્રના અભ્યાસીઓને હજી સુધી પૂજ્ય માસ્ટરની મુલાકાતનો કલ્યાણકારી અવસર પ્રાપ્ત નથી થયો પણ તેઓ સૌ તે તક ઝડપવાની તીવ્ર ઝંખના રાખે છે. તેમ છતાં પણ, તેમણે તે વાસ્તવિક હકીકતને હૃદયમાં જીવંત રાખી છે કે પૂજ્ય લાલાજી મહારાજ, તેમની રાઓતી (રતલામથી ૩૩ કિ.મી દૂર એક ગામ) ની મુલાકાત વખતે રતલામમાં બાબા મૂરખદાસના આશ્રમમાં રોકાયા હતા કે જે આશ્રમ હાલના આશ્રમની ખૂબજ નજીકમાં છે.

(કમ્પલીટ વર્કસ ઓફ.રામચંદ્ર ભાગ ૨, પાના નં – ૧૨૨).

**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**
© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.